આકાશવાણી ભુજ

સમાચાર વાચક : જાગૃતિ વકિલ

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-11-10-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

# <u>ટાટાની વિદાય- ભુજમાં શ્રધ્ધાજલિ</u>

પદ્મવિભૂષણ અને પદ્મભૂષણથી સન્માનિત અને ટાટા ગ્રૂપના મોભી શ્રી રતન ટાટાનો દેહ પંચમહાભૂતમાં વિલિન થયો, ગઈકાલે અંતિમ સંસ્કાર પહેલા તેમને ગાર્ડ ઓફ ઓનર અપાયું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના અવસાન અંગે શોક વ્યક્ત કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, ભારતે સાચા અર્થમાં રતન ગુમાવ્યું છે. તેમના અવસાનથી દેશને ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે.

રાજ્ય સરકાર દ્વારા રતન ટાટાના નિધન અંગે ગઈકાલે એક દિવસ માટે શોક પાળવામાં આવ્યો હતો. જેમાં તમામ જાહેર અને સરકારી કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં હતાં. સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રતન ટાટાના નિધન અંગે શોક વ્યક્ત કરતા કહ્યું હતું કે ઔધોગિક ક્ષેત્રે દેશને નામના અપાવનાર વ્યક્તિ દેશે ગુમાવ્યા છે.

તો આજે ભુજમાં આર્ય સમાજ દ્વારા ગરીબોના બેલી અને સ્વદેશીના આગ્રહી એવા રતન ટાટાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા શ્રધ્ધાજલિ સભા સાથે વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

**RNU અમદાવાદ/N.P**

---

RNU BHUJ

## મુખ્યન્યાયધિશ- શપથગ્રહણ

મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે ગુજરાત વડી અદાલતમાં ગઈકાલે જે નવનિયુક્ત ન્યાયાધીશોને શપથગ્રહણ કરાવ્યા હતા.. ન્યાયાધીશ તરીકે નિમાયેલા સંજીવ જયેન્દ્ર ઠાકર, દીપ્તેન્દ્ર નારાયણ રાય અને મૌલિક જિતેન્દ્ર શેલતે શપથગ્રહણ કર્યા હતા.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## હવનાષ્ટમી

આજે કચ્છ જિલ્લાના ઘણા ભાગોમાં હવનાષ્ટમી પર્વ ઉજવાઈ રહ્યું છે. પશ્ચિમમાં પવિત્ર યાત્રાધામ માતાનામઢ ખાતે હજારો ભાવિકોનાં જય ઘોષ વચ્ચે જાગીર અધ્યક્ષ રાજા બાવા યોગેન્દ્રસિંહજીએ હવનમાં શ્રીફળ હોમવાની વિધિ કરી હતી. આજે સવારે અષ્ટમી પર્વ નિમિતે રાજવી પરિવારવતી માતાજીને જાતર ચડાવવાની વિધિ થશે. અને પત્રી ઝીલવામાં આવશે. ભુજનાં આશાપુરા માતાજીના મંદિરમાં ગઈરાત્રે હવન યોજાયો અને આજે પત્રી વિધિ થશે. તથા માતાજીને નૈવૈદ ધરાવશે. પૂર્વમાં રવેચી માતાનાં સ્થાનકથી માંડી અનેક સ્થળે સવારથી હોમ હવનવિધિનાં કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

પદ્દણીભાઈ

---------------------------------------------------------------------------

RNU BHU

# મઢની પતરીવિધિ- હાઈકોર્ટનો ચુકાદો

કચ્છની કુળદેવી મા આશાપુરાના સ્થાનક માતાનામઢમાં આ વર્ષે એક જ વખત પત્રીવિધિ યોજાશે. આ મામલે કચ્છ રાજ પરિવાર વચ્ચે ચાલતા પત્રીવિધિ પૂજા વિવાદ મામલે હાઇકોર્ટે ચુકાદો આપતા જણાવ્યું હતું કે, રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજા જ પત્રિવિધિ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે પરંપરાગત રીતે વર્ષોથી કચ્છના મહારાવ મદનસિંહના મોટા પુત્ર પ્રાગમલજી ત્રીજા પત્રીવિધિ કરતા હતા પરંતુ તેમના અવસાન બાદ આ મામલે વિવાદ રહ્યો હતો. છેલ્લા 2 વર્ષથી 2 વખત પત્રીવિધિ યોજાતી હતી પરંતુ હવે હાઈકોર્ટના ચુકાદા અનુસાર આજે યોજાનારી પત્રીવિધિ રાજ પરિવારના હનુવંતસિંહ જાડેજાના હસ્તે થશે.

પટ્ટણીભાઈ

---------------------------------------------------------------------------

# ધો- 10 -12 બે બોર્ડ પરીક્ષા

ધોરણ-10 અને ધોરણ-12ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ હવે તમામ વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. બોર્ડે પોતાના નિયમોમાં ફેરફાર જાહેર કર્યો છે. અત્યાર સુધી ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ કોઇ પણ વિષયમાં નાપાસ થાય અથવા પોતે પરિણામ સુધારવા માગતા હોય તો તમામ વિષયોની પરીક્ષા ફરી આપી શકતા હતા. ઉપરાંત વિદ્યાર્થી પોતાનું પરિણામ સુધારવા માટે બોર્ડ બેવાર પરીક્ષા લેશે જેથી વિધાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. બે માંથી જે પરીક્ષાનું પરિણામ સારું હશે તે પરિણામ માન્ય રાખવામાં આવાશે.

ગુજરાત બોર્ડના સચિવ ડી.એસ. પટેલે આ અંગે જણાવ્યું હતું કે વિજ્ઞાન પ્રવાહમાં આ વર્ષથી પૂરક પરીક્ષા લેવાઇ હતી. હવે બોર્ડની પરીક્ષા આપનારા તમામ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. પૂરક પરીક્ષાની માફક વિદ્યાર્થીઓએ અલગથી ફોર્મ અને ફી ભરવાની રહેશે. જે વિદ્યાર્થીઓ મુખ્ય પરીક્ષામાં સારો દેખાવ કરી શક્યા ન હતા અથવા બીમારી કે કોઇ સામાજિક કારણોને લીધે પરીક્ષામાં યોગ્ય દેખાવ નથી કરી શક્યા તેમને બીજી તક મળે તે ઉદ્દેશ્ય છે. બોર્ડ દ્વારા જ્યારે 3 વિષયોની પૂરક પરીક્ષા લેવાય છે. ત્યારે પણ બિલ્ડિંગ અને પ્રશ્ન પેપર કાઢવામાં આવે જ છે. જેથી હવે તમામ વિષયોની પરીક્ષા લેવાય તેવી વ્યવસ્થા સરળતાથી અમે કરી શકીશું. આ નિર્ણયના કારણે બોર્ડના નિર્ણયથી પરિણામમાં 10 ટકાનો સુધારો થશે એવી આશા વ્યક્ત કરાઈ છે.

જાગૃતિ વકિલ/N.P

-----------------------------------------------------------------------

RNUBHU

## હવામાન

રાજ્યમાં ભરૂચ, સુરત, અમદાવાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત અમુક જિલ્લામાં ગઈકાલે વરસાદી ઝાપટા પડતા નવરાત્રીની મજા માણનારા ખેલૈયાઓની રમતમાં વરસાદનું વિઘ્ન નડ્યું હતું.

ભુજમાં ગઈકાલે મહતમ **38.6** ડિગ્રી તાપમાન સાથે કચ્છમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી તાપમાનનો પારો સતત ઉંચો રહે છે. દિવસ દરમિયાન સખત તાપ પડવાથી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે તો બપોરના સમયે જિલ્લાના અનેક સ્થળે વરસાદી માહોલ સર્જાઈ રહ્યો છે. ગઈકાલે સતત બીજા દિવસે વરસાદના ઝાપટાં વરસી પડતા માર્ગો ઉપર પાણી વહી નીકળ્યા હતા. જ્યારે કેટલાક સ્થળે ભારે પવન પણ ફૂંકાયો હતો. ભુજ, માંડવી અને અબડાસા તાલુકામાં વરસેલા ઝાપટાથી ખેતી અને નવરાત્રિને અસર પહોંચવાની સંભાવના સંબધિત લોકો માટે ચિંતાનું કારણ બની છે.

જાગૃતિ વકિલ/**N.P**

---------------------------------------------------------------------------

## આકાશવાણી ભુજ **59** વર્ષ પૂર્ણ

આકાશવાણી ભુજના વિધિવત આરંભને **59** વર્ષ પૂરા થયા છે. **1965** ની **10** મી ઓકટોબરે શરદ પૂનમની ઢળતી સાંજે પેલેસ ક્લબનાં પ્રાંગણમાં તે સમયનાં માહિતી અને પ્રસારણ મંત્રી ઇન્દિરા ગાંધીના ધ્વનિ મુદ્રિત સંદેશ સાથે કેન્દ્રનું ઉદઘાટન થયું હતું.

પદ્મણીભાઈ

---------------------------------------------------------------------------

# વિશ્વ બાલિકા દિવસ

સમાજમાં દિકરીઓની ભાગીદારી વધારવા અને તેમના સ્વચ્છત જીવન તથા શિક્ષણ અને કારર્કિંદીનો માર્ગ મોકળો કરવા આજે **11** ઓકટોબર વિશ્વ બાલિકા દિવસ ઉજવાઈ રહ્યો છે.

જાગૃતિ વકિલ/**N.P**

---------------------------------------------------------------------

RNJ BHUJ